# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “મન કી બાત” કાર્યક્રમમાં નાગરિકોને સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું.
2. કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના દુધની ગામને શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર એનાયત
3. મુખ્યમંત્રીએ MSME ક્ષેત્રને રાજ્યની કરોડરજ્જૂ સમાન ગણાવ્યા
4. આજે વિશ્વ હૃદય દિવસઃ હૃદયરોગની ગંભીર બીમારી સામે લડતા લોકો માટે યુ. એન. મહેતા હૉસ્પિટલ આશાનું કિરણ બની.
5. મધ્ય અને દક્ષિણ તેમજ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં આવતીકાલે હળવાથી મધ્યમ વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે “મન કી બાત” કાર્યક્રમની 114મી કડીમાં દેશવાસીઓને સંબોધન કરતાં અનેક વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. પ્રધાનમંત્રીએ સ્વચ્છ ભારત અભિયાનની સફળતાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ‘કચરામાંથી સંપત્તિ’નો મંત્ર લોકોમાં લોકપ્રિય બની રહ્યો છે. હવે લોકોએ રિડ્યૂઝ, રિયૂઝ અને રિસાઈકલની વાત શરૂ કરી છે. પ્રધાનમંત્રીએ આ સફળતાને મહાત્મા ગાંધીજી પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ ગણાવી હતી.

**(ઑડિયો – પ્રધાનમંત્રી, સ્વચ્છ ભારત અભિયાન)**

રોજગારીમાં પરિવર્તનનો ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, ‘નવા ક્ષેત્રમાં આગળ વધવાની સાથે સાથે રોજગારીની પ્રકૃતિ બદલાઈ રહી છે. પ્રધાનમંત્રીએ માહિતી અને પ્રસારણ મંત્રાલયે શરૂ કરેલા ક્રિએટ ઇન ઇન્ડિયાનો પણ ઉલ્લેખ કર્યો હતો.’

**(બાઈટ – પ્રધાનમંત્રી, ક્રિએટર્સ)**

. . . . . . . . . . . . .

# DUDHANI VILLAGE AWARD

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીના દુધની ગામને પ્રવાસન મંત્રાલય દ્વારા શ્રેષ્ઠ પ્રવાસન ગામનો પુરસ્કાર એનાયત કરાયો છે.

દમણના અમારા પ્રતિનિધિ પ્રદિપ ભાવસાર જણાવે છે કે, નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં પ્રવાસન મંત્રાલય દ્વારા "જવાબદાર પ્રવાસન મોડેલ"માં ઉત્કૃષ્ટ દેખાવ બદલ આ ગામનું સન્માન કરાયું છે. પોતાની ટકાઉ અને જવાબદાર પ્રવૃત્તિઓ માટે પ્રવાસીઓને આકર્ષીને દુધની ગામે આ સિદ્ધિ હાંસલ કરી છે. દુધની ગામ એ કુદરતી અને સાંસ્કૃતિક વારસા માટે વિશ્વ વિખ્યાત પણ છે.

કેન્દ્રશાસિત પ્રદેશના પ્રવાસન સચિવ એસ. અસ્કર અલીએ કહ્યું કે, 'આ સન્માન રાજ્યને એક મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે સ્થાપિત કરવાની તેમની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.' અગાઉ વર્ષ 2023માં શ્રેષ્ઠ પ્રવાસન ગામ સ્પર્ધાની પ્રથમ આવૃત્તિમાં મંત્રાલયે દમણ અને દીવના દેવકા ગામને પણ પુરસ્કાર એનાયત કર્યો હતો.

. . . . . . . . . . . . .

## VADODARA CM LAGHU UDYOG SANMELAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમો એટલે કે, MSME ક્ષેત્રને રાજ્યની કરોડરજ્જૂ સમાન ગણાવ્યા છે.

વડોદરામાં લઘુ ઉદ્યોગ ભારતીના ક્ષેત્રીય સંમેલનમાં સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'દેશની જીડીપી એટલે કે, કુલ સ્થાનિક ઉત્પાદનમાં MSME ક્ષેત્રનું 35 ટકા જેટલું યોગદાન રહ્યું છે. લઘુ ઉદ્યોગ ભારતી

ઉદ્યોગ હિત સાથે રાષ્ટ્ર હિતનો વિચાર કરતું સંગઠન છે અને તે “આત્મનિર્ભર ભારત” અને “મેક ઇન ઇન્ડિયા” માટે અવિરતપણે કાર્યરત્ છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, અવકાશથી લઈ સેમિ-કન્ડકટર અને ઇલેકટ્રોનિકથી લઈ ઇલેક્ટ્રિક વાહન જેવા ક્ષેત્રમાં દેશ આગળ વધવા સાથે વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઇલ ઉત્પાદક પણ બન્યો છે. મુખ્યમંત્રીએ ઉંમેર્યું કે, ‘નવા તંત્રજ્ઞાનના કારણે નાના ઉદ્યોગની ઉત્પાદકતામાં સકારાત્મક અસર પડે છે. લઘુ ઉદ્યોગ ભારતી દ્વારા આ દિશામાં વધુ કામ થાય તો નાના ઉદ્યોગોને મોટા લાભ થશે.

----------------------------------

## WORLD HEART DAY - DISTRICT

વર્તમાન સમયમાં વધતા જતા હૃદય રોગની ઘટનાને ધ્યાનમાં રાખી ખેડાના નડિયાદમાં રાજ્યકક્ષાની યોગ શિબિર યોજાઈ ગઈ. ગુજરાત રાજ્ય યોગ બૉર્ડ દ્વારા આજે વિશ્વ હૃદય દિવસ નિમિત્તે યોજાયેલી આ શિબિરમાં લોકોને યોગાસન, પ્રાણાયામ, નિયમિત વ્યાયામ, આહાર અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી. જ્યારે યોગ બૉર્ડના અધ્યક્ષ શિશપાલસિહં રાજપૂતે યોગથી હૃદય સલામતી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

(બાઈટ - યોગ બૉર્ડ ચેરમેન યોગ સેવક શિશપાલસિંહ રાજપૂત)

પાટણ જિલ્લામાં આજે હૃદયરોગ નિવારણ જાગૃતિ અભિયાન" અંતર્ગત યોગ શિબિર યોજાઈ હતી.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે નિષ્ણાત યોગાચાર્યએ હૃદયની સંભાળ તથા હૃદયરોગનો હુમલો ન આવે તે માટે ઉપાયો, યોગાસન અને પ્રાણાયામ કરાવ્યા હતા. જ્યારે નિષ્ણાંત કાર્ડિયોલોજિસ્ટે હૃદયરોગના જવાબદાર કારણોની માહિતી આપી હતી. ઉપરાંત ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા લોકોને સી.પી.આરની તાલીમ અપાઇ હતી.

----------

## WORLD HEART DAY

રાજ્યમાં હૃદયરોગની ગંભીર બીમારી સામે ઝઝૂમી રહેલા લોકો માટે અમદાવાદમાં આવેલી યુ. એન. મહેતા હૉસ્પિટલ એ આશાનું કિરણ બનીને ઉભર્યું છે. હૉસ્પિટલમાં ગયા વર્ષે 29 હજાર 510 હૃદયરોગ સંબંધિત સારવાર પ્રક્રિયા કરવામાં આવી હતી એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

યુ.એન. મહેતા હૉસ્પિટલમાં ઓગસ્ટ 2024 સુધીમાં 2 લાખ 41 હજાર 33 દર્દીઓની સારવાર અને 5 હજાર 440 શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. આમાં ઘણા વધુ જોખમવાળા હસ્તક્ષેપ પણ સામેલ છે. આ હૉસ્પિટલ હૃદયરોગની સારવારમાં ગુજરાતની અગ્રણી સંસ્થા છે.

ઓગસ્ટ 2024 સુધીમાં 135 થી વધુ હૃદયરોગના આંતરરાષ્ટ્રીય દર્દીઓએ પોતાની સારવાર કરાવી છે. તેમજ રાજ્યમાં 18 હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન્સ એટલે કે, હૃદય પ્રત્યારોપણ કરાયા છે.

---------------

## RAIN AGAHI

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલે મધ્યગુજરાતના ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા અને છોટાઉદેપુર, દક્ષિણ ગુજરાતના નર્મદા, અને ભરૂચ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં છુટાછવાયા સ્થળે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી  છે.

-----------------------------------

## RAIN DISTRICT

રાજ્યમાં આજે અનેક જિલ્લાઓમાં મેઘમહેર જોવા મળી હતી. આજે સવારે 6 વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધીમાં કુલ 77 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયાના અહેવાલ છે. સત્તાવાર આંકડા મુજબ સૌથી વધારે સવા ત્રણ ઇંચ વરસાદ વડોદરા તાલુકામાં વરસ્યો હતો..

ઉપરવાસમાં પડી રહેલા વરસાદથી બોટાદનો લીંબાળી બંધ છલકાઇ જતાં બંધના 6 દરવાજા અડધો ફુટ ખોલવામાં આવ્યા છે. તેમજ નીચાણવાળા વિસ્તારોને ચેતવણી આપવામાં આવી છે. જિલ્લાના બરવાળા શહેરમાં ત્રણ માળના એક મકાન પર વીજળી પડી હતી. જોકે સદનસીબે કોઈ જાનહાની કે ઇજા થઈ ન હતી.

મહિસાગર જિલ્લાના કડાણા બંધમાં હાલ 1 લાખ ક્યુસેકથી વધુ પાણીની આવક હોવાથી બંધના 10 દરવાજા ખોલી 75 હજાર ક્યુસેક પાણી મહિસાગર નદીમાં છોડવામાં આવ્યું.

ભાવનગર જિલ્લાના પાલીતાણા નજીક આવેલો શેત્રુંજી બંધમાં બે ફૂટની પાણીની આવક થતા સપાટી વધીને 32 ફૂટ 9 ઈંચે પહોંચી છે. જેને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે. ઉપરવાસમાંથી આવતા પાણીના પ્રવાહને

કારણે બંધ હેઠળના પાલીતાણા તાલુકા તથા ભાવનગરના 17 ગામને ચેતવણી છે.

સાબરકાંઠા જિલ્લામાં વાતાવરણમાં પલટો આવતા ઇડર, વડાલી, ખેડબ્રહ્મા તાલુકામાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં.

----------------------------------

## SWACHHATA HI SEVA - DISTRICT

રાજ્યમાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત વિવિધ જિલ્લાઓમાં સફાઈ કામગીરી ચાલી રહી છે.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે કે, ગોધરા ખાતે આવેલા અટલ ગાર્ડન એમ્ફી થિએટર ખાતે બેન્ક ઑફ બરોડાની ટીમે સફાઈ કામગીરી હાથ કરી હતી.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે, ઐતિહાસિક સ્થળ મોઢેરાના સૂર્યમંદિર અને બહુચરાજી માતાજીના મંદિરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ સફાઈ ઝૂંબેશ યોજાઈ હતી.

ડાંગ જિલ્લાનાં અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, જિલ્લાના માર્ગ અને મકાન વિભાગની આહવા તથા વઘઈ પેટા વિભાગીય કચેરીઓ દ્વારા સફાઈ કામગીરી કરવામાં આવી. કર્મચારીઓએ વઘઈ-આહવા રાજ્ય ધોરીમાર્ગની બાજુમાં આવેલા જંગલ કાપી અને ઘાસનું નિંદામણ કરી રસ્તો ખાલી કરવાની સાથે બગીચા સહિતની સફાઈ કરી હતી.

---------

## CM RAJKOT DISTRICT CO-OP.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'સહકારી ક્ષેત્ર એ દેશના વિકાસનું વૈકલ્પિક મોડેલ છે. નાના માણસની મોટી બેન્ક કહેવાતી સહકારી બેન્કો એ સ્થાનિક સ્તરે લોકોને મોટો આર્થિક આધાર પૂરો પાડે છે. ગુજરાતે માઈક્રો અને મેક્રો બંને સ્તરે સહકારીના લક્ષ્યાંકો સિદ્ધ કર્યા છે. સહકારી સંસ્થાઓ જે રીતે નાનકડા બીજમાંથી વટવૃક્ષ બનીને વિકાસ પામી છે એમ આપણે સૌ પણ હરિયાળા વિકાસમાં સહભાગી થઈને પર્યાવરણપ્રિય, સ્વચ્છ અને નિર્મળ ગુજરાત બનાવીએ.' રાજકોટના જામકંડોરણા ખાતે યોજાયેલી જિલ્લાકક્ષાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં સંબોધન કરતા મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે ઉંમેર્યું કે, 'સહકારી પ્રવૃત્તિઓનું વિશાળ વટવૃક્ષ વિકસિત ભારતના ધ્યેયને સિદ્ધ કરવામાં મહત્વનું યોગદાન આપશે તે લક્ષ્યાંકને સાકાર કરવા સહકારી ક્ષેત્રે જોડાયેલા અગ્રણીઓ અને સૌ સભાસદો આ સહકારી આંદોલનને વધુ ઊંચા શિખર પહોંચાડવા સતત સેવારત્ રહેશે તેવો મને વિશ્વાસ છે.

------------------

## AMDAVAD ROJGAR MELO

અમદાવાદની મદદનીશ નિયામક રોજગારની કચેરી દ્વારા પહેલી ઑક્ટોબરે સવારે 11 વાગ્યે કુબેરનગર ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન – I.T.I. ખાતે ભરતી

મેળાનું આયોજન કરાયું છે. કચેરીની અખબારી યાદીમાં જણાવાયું છે કે, આ મેળામાં 20 જેટલી કંપનીઓ યુવાનોની પસંદગી કરશે.

વિવિધ કંપનીઓ, એપ્રેન્ટિસશીપ, સેલ્સ એન્ડ સર્વિસ એન્જિનિયર, સેલ્સ એક્ઝિક્યૂટીવ, એકાઉન્ટન્ટ, એડમિન સહિતની જેવી વિવિધ જગ્યાઓ માટે ધોરણ 10, 12 પાસ, સ્નાતક, I.T.I., ડિપ્લોમા ડિગ્રી જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેશે. ઈચ્છુક ઉમેદવારોએ આધારકાર્ડ, બાયોડેટાની ત્રણથી વધુ નકલ સાથે કચેરીએ હાજર રહેવું પડશે.

-----------------------------------

## Mahisagar – 5 YUVAN DUBYA

મહિસાગર જિલ્લામાં કારટા ગામ પાસે નદીમાં ન્હાવા ગયેલા 5 યુવાનો પાણીના પ્રવાહમાં ખેંચાઇ જતા એક યુવાનનું ડૂબી જતાં મોત નીપજ્યું છે.

મહિસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોશી જણાવે છે કે આ યુવાનોમાંથી ચાર લોકોને હેમખેમ બહાર કાઢી લેવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં ખાનપુર મામલતદાર અને બાકોર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

.................

## NEWS IN BRIEF

હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં........

1. કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં યોજાયેલી રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યું.
2. મહીસાગરના લુણાવાડા નગર પર લખાયેલા પુસ્તક “શ્રી મલ્લવણપુર-લુણાવાડા”નું રાજપૂત ભવન હૉલ ખાતે વિમોચન કરાયું.
3. ડાંગ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે 'વિશ્વ હડકવા દિવસ' અંતર્ગત 'હડકવાની સીમાઓ તોડવી' વિષયવસ્તુ આધારિત માર્ગદર્શન શિબિર યોજાઈ.
4. ભાવનગર શહેરના લોખંડ બજાર વિસ્તારમાં આવેલા લાકડાની દુકાનમાં ભીષણ આગ લાગતા દુકાનનો સામાન બળીને ખાક થઈ ગયો. અગ્નિશમન દળે 25 હજાર લિટર પાણીનો મારો ચલાવ્યો.
5. જામનગરમાં સામાજિક સંસ્થા દ્વારા 170 વિદ્યાર્થીઓને અંદાજે દસ લાખ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવી.